# લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસ તૈયાર : સોનિયા

## રાહુલને પીએમ પદના ઉમેદવાર ન બનાવવાનો નિર્ણય અંતિમ

નવી દિલ્હી,તા.૧૭

આગામી લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રાહુલ ગાંધીને પ્રોજેક્ટ નહીં કરવાનો કોંગ્રેસ પાર્ટીનો નિર્ણય અંતિમ છે. આમા કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. નવી દિલ્હીમાં આજે શરૂ થયેલી એઆઈસીસીની બેઠકમાં તેમના સંબોધનમાં સોનિયા ગાંધીએ આ મુજબની વાત કરી હતી. સોનિયા ગાંધીએ આ પ્રકારની વાત કરીને ફેરવિચારણા થઈ શકે છે તેવી અટકળોનો અંત આણી લીધો છે. કોંગ્રેસના પ્રમુખે કહ્યું હતું કે ગુરુવારના દિવસે કોંગ્રેસ કારોબારી સમીતિ દ્વારા જે કાંઈ પણ નિર્ણય લેવામાં આવ્યો છે તે અંતિમ છે. આમા કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. જો કે એઆઈસીસીના પ્રતિનિધીઓએ કોંગ્રેસના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રાહુલ ગાંધીને જાહેર કરવા રજૂઆત કરી હતી. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે એવો સંદેશો મોકલવાની જરૂર છે કે પાર્ટી



લોકસભાની ચૂંટણી માટે સંપૂર્ણપણે તૈયાર છે. ચૂંટણી પહેલાં પીએમ પદના ઉમેદવારની જાહેરાત કરવાની કોઈ જરૂર નથી. આગામી લોકસભાની ચૂંટણી વિચારધારા વચ્ચેની લડાઈ હશે. કોંગ્રેસ તેના મૂલ્યોને લઈને હમેશા કટિબદ્ધ રહી છે. કોંગ્રેસ પ્રમુખે એમ પણ કહ્યું હતું કે વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી ભારત માટેની લડાઈ તરીકેની રહેશે. સાથે સાથે તેની બિનસાંપ્રદાયિક પરંપરાઓ માટેની પણ લડાઈ રહેશે. વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીના અભિગમ નક્કી કરવાના હેતુસર અમે અહીં ભેગા થયા છીએ. લોકોને એવો સ્પષ્ટ સંદેશ આપવા માગીએ છીએ કે કોંગ્રેસ ચૂંટણી માટે સંપૂર્ણપણે તૈયાર છે. દિલ્હીમાં તાલકટોરા સ્ટેડિયમ ખાતે શરૂ થયેલી ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમીતિની બેઠકને સંબોધતા સોનિયા ગાંધીએ આ મુજબની વાત કરી હતી. યુપીએના અધ્યક્ષે કહ્યું હતું કે કોંગ્રેસે ભૂતકાળમાં આનાથી પણ વધારે મુશ્કેલીઓનો સામનો કર્યો છે. આ જ કરતા પણ વધારે મોટી તકલીફો આવી ચૂકી છે પરંતુ કોંગ્રેસે હમેશા સફળતાપૂર્વક આને પાર પાડી છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ તમામ મુદ્દા વાત કરી હતી. ગાંધીએ ભાજપ ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે કોંગ્રેસે ભાગલાવાદી નીતિ નહીં ચલાવવાનું વલણ અપનાવ્યું છે. પક્ષના લાખો કાર્યકરો દરેક પ્રદેશ અને દરેક મોહલ્લામાં હાજરી ધરાવે છે.

## એલપીજી સિલિન્ડરોની સંખ્યા નવથી વધારી હવે ૧ ૨ કરાશે

નવી દિલ્હી, તા.૧૭

સબસીડીવાળા એલપીજી સિલિન્ડરોની સંખ્યા વધારીને ૧ ૨ કરવામાં આવશે. કોંગ્રેસ પાર્ટીના ઉપપ્રમુખ રાહુલ ગાંધી દ્વારા આ મુજબની માંગણી કરવામાં આવ્યા બાદ સાબાસિડીવાળા સિલિન્ડરોની સંખ્યા વધારવાનો તખ્તો તૈયાર થઈ ગયો છે. પેટ્રોલિયમ પ્રધાન પણ આ અંગેની વાત કરી ચુક્યા છે. એલપીજી ગેસ સિલિન્ડરોની સંખ્યા વધારવા રાહુલે આક્રમક રજુઆત કર્યા બાદ પેટ્રોલિયમ પ્રધાન વિરપ્પા મોઈલીએ આજે કહ્યુ હતુકે સબસીડીવાળા રાંધણગેસ સિલિન્ડરોના ક્વોટાને નવથી વધારીને ૧ ૨ કરાશે. મોઈલીએ ગાંધી દ્વારા રજુઆત કરાયા બાદ હકારાત્મક પ્રતિક્રિયા આપતા કહ્યુ હતુ કે ક્વોટાને ૧ ૨ કરવામાં આવશે. મોઈલીએ ગયા સપ્તાહમાં જ કહ્યુ હતુ કે સબસીડીવાળા એલપીજી સિલિન્ડરોના ક્વોટાને



વધારવાની કોઈ દરખાસ્ત નથી. તેમણે કહ્યુ હતુકે આ નિર્ણય કેબિનેટની મંજુરી દ્વારા લેવામાં આવશે પરંતુ આજે રાહુલ ગાંધીના નિવેદન બાદ ક્વોટાને વધારીને ૧ ૨ કરવાનો નિર્ણય લેવાયો હતો. પેટ્રોલિમય મંત્રાલયના અધિકારીઓએ કહ્યુ છેકે આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ અથવા તો રાજકીય બાબતોની સમિતિની વિચારણા હેઠળ દરખાસ્ત લવાશે. ગાંધીએ એઆઈસીસીના સત્રમાં કહ્યુ હતુકે નવ સિલિન્ડરો ભારતીય ગૃહિણીઓ માટે પૂરતા નથી. અમે વડાપ્રધાન સમક્ષ આ સિલિન્ડરની સંખ્યા વધારીને ૧ ૨ કરવાની માંગ કરી રહ્યા છીએ. ક્વોટાને વધારીને ૧ ૨ કરાશે તો એલપીજી ગ્રાહકો પૈકીના ૯૭ ટકા ગ્રાહકોને સબસીડીવાળા એલપીજી સાથે જોડી દેવામાં આવશે. આનાથી ફ્યુઅલ સબસીડીબોજ વધારાનો ૩૩૦૦ કરોડ રૂપિયાનો રહેશે. વાર્ષિક ક્વોટાને જાન્યુઆરી ૨૦૧૨માં છથી વધારીને ૯ કરાયો હતો.

## અમેરિકામાં ૮૦ લાખથી વધુ નવી રોજગારીની તકો સર્જાઈ

વોશિંગ્ટન,તા.૧૭

અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ દાવો કર્યો છે કે તેમની ખૂબ જ કુશળ આર્થિક સ્થિતિઓના પરિણામ સ્વરૂપે દેશમાં ૮૦ લાખ નવી નોકરીની તકો સર્જાઈ છે. અમેરિકામાં આવેલી જોરદાર મંદીના કારણસર અર્થતંત્રને અભૂતપૂર્વ નુકસાન થયું હતું. હવે અમેરિકામાં અર્થતંત્રમાં રિકવરી થઈ રહી છે. રિકવરી થયા બાદ આ નવી નોકરીઓની તક સર્જાઈ છે. વ્હાઈટ હાઉસમાં એક કાર્યક્રમ દરમિયાન ઓબામાએ કહ્યું હતું કે અર્થવ્યવસ્થા નીચી સપાટીએ પહોંચી ગયા બાદ કંપનીઓએ ૮૦ લાખથી વધુ રોજગારીની તકો ઊભી કરી છે જે ખૂબ મહત્વપૂર્ણ બાબત છે.

મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રોમાં પણ તેજી પરત ફરી રહી છે જેમાં ઓટો સેક્ટરની મહત્વપૂર્ણ ભૂમિકા છે. ઓબામાનું કહેવું છે કે અમારા મૂડીરોકાણના કારણસર નવી ટેકનોલોજી અને પોષાય તેવી ઉર્જા લાવવામાં મદદ મળી છે. તબીબી સુવિધા ઉપર ખર્ચમાં ઘટાડો થયો છે. જેના પરિણામ સ્વરૂપે મૂડીરોકાણકારો માટે અમેરિકા હવે વધારે આકર્ષક બની ગયું છે. ઓબામાનું કહેવું છે કે દેશમાં મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રમાં એવા રોજગાર પરત આવવા લાગ્યા છે જે એક વખતે જતા રહ્યા હતા. ઓબામાએ વર્ષ ૨૦૧૪ની વાત કરતા કહ્યું છે કે ઘણા ટાર્ગેટ નક્કી કરવામાં આવ્યા છે જે પૂર્ણ કરવામાં આવશે. આ કામને પૂર્ણ કરવા માટે સતત પ્રયત્નશીલ રહેશે.

બુધવારના દિવસે નોર્થ કેરોલીનામાં એક કાર્યક્રમ દરમિયાન ઓબામાએ કહ્યું હતું કે આ કાર્યવાહી કરવાનો સમય રહેશે. પ્રમુખે વર્ષ ૨૦૧૪ને સખત પરિશ્રમવાળા વર્ષ તરીકે જાહેરાત કરી છે. અમેરિકી લોકોની પ્રગતિ માટે ઓબામા સતત પ્રયત્નશીલ બનેલા છે. આવનાર દિવસો અમેરિકા માટે પણ ખૂબ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.


### કેજરીવાલની પણ શિંદે સાથે લાંબી ચર્ચા

## દિલ્હી સરકાર-દિલ્હી પોલીસ આમને સામને

નવી દિલ્હી,તા. ૧૭

દિલ્હીના કાયદા પ્રધાન સોમનાથ ભારતી દ્વારા પાડવામાં આવેલા તાજેતરના દરોડા અંગે પ્રતિક્રિયા આપતા આમ આદમી પાર્ટીના નેતા મનિષ સિસોદિયાએ આજે કહ્યુ હતુકે પોલીસે આ મામલે કોઈ પણ પગલા લીધા ન હતા. શ્રેણીબદ્ધ ફરિયાદો મળી હોવા છતાં કોઈ પણ પગલા લેવામાં આવ્યા ન હતા. સિસોદિયાએ કહ્યુ હતુકે દિલ્હી પોલીસ રાજ્યસરકાર હેઠળ આવતી નથી છતાં પણ દોષિતો સામે પગલા લેવામાં આવશે. દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દિલ્હી પોલીસની કામગીરીના સંદર્ભમાં આજે ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેને મળ્યા હતા અને આક્રમક રજુઆત કરી હતી. દિલ્હી પોલીસની કામગીરીથી કેજરીવાલ હાલમાં ભારે નાખુશ દેખાઈ રહ્યા છે. કેજરીવાલે શિંદે ઉપર પગલા લેવા દબાણ વધાર્યુ હતુ. દિલ્હી સરકાર અને દિલ્હી પોલીસ આમને સામને આવી ગઈ છે.

દિલ્હીના ઉપરાજ્યપાલ આ મુદ્દા પર તપાસ સમિતિની રચના



કરવા જઈ રહ્યા છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે એસએચઓથી ડીસીપી સુધીના અધિકારીઓને શ્રેણીબદ્ધ ફરિયાદો મળી હતી પરંતુ કોઈ પગલા લેવામાં આવ્યા ન હતા. લોકોને પકડવાના બદલે પોલીસે કોઈ પગલા નહીં લેવાની નીતિ અપનાવી હતી. અમે ફરિયાદો સાથે ઉપરાજ્યપાલ પાસે પણ ગયા હતા. તેઓએ આ મુદ્દા પર ઉચ્ચસ્તરિય તપાસ પેનલની રચના કરી હતી. અમે અધિકારીઓને સસ્પેન્ડ કરવા તેમની સમક્ષ રજુઆત કરી હતી. દિલ્હીમાં એક પછી એક કેસો હાલમાં સપાટી પર આવી રહ્યા છે. દરમિયાન સુરક્ષાના મામલા પર દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદે સમક્ષ રજુઆત કરી હતી. સાથે સાથે પગલા લેવાની પણ માંગ કરી હતી. દિલ્હીના શિક્ષણમંત્રીનું કહેવું છે કે મહિલાઓની સુરક્ષા હજુ પણ થઈ રહી નથી. લોકો પોલીસ સમક્ષ ફરિયાદ કરી રહ્યા છે. એક મહિલાને ખુલ્લામાં જીવતી સળગાવી દેવામાં આવી છે. દિલ્હી પોલીસ અમારી હેઠળ આવતી નથી છતાં અમે પગલા લઈશું. એસએચઓ અને ડીસીપી સામે પણ અમે પગલા લેવા માંગીએ છીએ. તેમને સસ્પેન્ડ કરવામાં આવે તેવી માંગણી તેઓએ કરી હતી.

## ખાંડ ઉદ્યોગ માટે વધુ સહાયની યુપીએ સરકારે કરેલી જાહેરાત

નવી દિલ્હી,તા.૧૭

કટોકટીગ્રસ્ત ખાંડ ઉદ્યોગને વધુ એક રાહત આપવાની તૈયારી સરકારે કરી છે જેના ભાગરૂપે સરકાર બે વર્ષ સુધી ૪૦ લાખ ટન સુધી રોસુગરની નિકાસ કરવા મેન્યુફેક્ચર્સને નાણાંકીય સહાયતા આપશે. ખાંડ ઉદ્યોગને બીજી વખત મોટી રાહત આપવામાં આવી છે. અગાઉ યુપીએ-૨ દ્વારા શેરડીના ખેડૂતોને ચૂકવણી કરવા સુગર પ્રોસેસર્સ માટે ૭૬૦૦ કરોડની વ્યાજમુક્ત લોનની જાહેરાત કરી હતી. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે યુપીએ-૨ દ્વારા પણ એક પછી એક પગલાં લેવામાં આવી રહ્યા છે. ઉત્તર પ્રદેશમાં ખાંડ મિલો મોટી સંખ્યામાં છે. શેરડીના ખેડૂતોની સંખ્યા પણ ખૂબ મોટી છે. આવી સ્થિતિમાં ખેડૂતોને પ્રભાવિત કરવાના હેતુસર આ હિલચાલ હાથ ધરવામાં આવી છે. કેન્દ્રીય કૃષિ પ્રધાન શરદ પવારના નેતૃત્વમાં ગ્રૂપ ઓફ મિનિસ્ટર્સ દ્વારા આને લીલીઝંડી આપવામાં આવી હતી. વડાપ્રધાને ખાંડ ઉદ્યોગની નાણાંકીય સમસ્યાઓને દૂર કરવા માટે આ ગ્રૂપની રચના કરી હતી. આ અંગેના નિર્ણયની જાહેરાત કરતા ખાદ્યાન પ્રધાન કે વી થોમસે કહ્યું હતું કે નવી પ્રોડક્ટ તરીકે રોસુગરને પ્રમોટ કરવા નવી પહેલ કરવામાં આવી છે. આ પહેલની નવી રૂપરેખા નાણામંત્રાલય સાથે વાતચીત કર્યા બાદ નક્કી કરવામાં આવશે. થોમસે ઉમેર્યું હતું કે સુગર ડેવલોપમેન્ટ ફંડમાંથી પ્રતિ ટન રોસુગરના આધાર ઉપર નાણાની ચૂકવણી કરવામાં આવશે. ઈન્ડસ્ટ્રી સૂત્રોના કહેવા મુજબ રોસુગરની નિકાસ વૈશ્વિક કિંમતો ઓછી હોવાના કારણે નુકસાનમાં છે. જ્યારે ઉત્પાદન ખર્ચ ૨ ૬૫૦૦ પ્રતિ ટનની આસપાસ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ખાંડ ૨ ૨૫૦૦ પ્રતિ ટનના હિસાબે વેચાય છે. ખાદ્યાન મંત્રાલયે રોસુગર ઉપર ૨ ૩૯૦ રૂપિયા પ્રતિ ટનના ઈન્સેવટીવની વાત કરી હતી જેમાં આ બોજ કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા વેંચવામાં આવશે. નવી પોલીસી પણ ટૂંક સમયમાં રજૂ કરાશે.

## જાણીતી અભિનેત્રી સુચિત્રા સેનનું નિધન

### ૮૧ વર્ષની બંગાળી અભિનેત્રી પર હૃદયરોગનો હુમલો

કોલકાતા,તા.૧૭

મહાન બંગાળી અને હિંદી ફિલ્મ અભિનેત્રી સુચિત્રા સેનનો લાંબી માંદગી બાદ આજે સવારે અવસાન થતાં ફિલ્મ જગતમાં આઘાતનું મોજું ફળી વળ્યું હતું. સુચિત્રા સેનને ભારતીય સિનેમાની મોટી અભિનેત્રી તરીકે ગણવામાં આવે છે. સુચિત્રા સેન ૮૧ વર્ષના હતા. અભિનેત્રી સુચિત્રા સેન પર આજે સવારે હાર્ટ એટેક થયો હતો. ત્યારબાદ તેમની હાલત ખૂબ જ ગંભીર બની ગઈ હતી. તેમની સારવાર કરી રહેલા તબીબોએ આજે સવારે આ અંગેની માહિતી આપી હતી. છેલ્લા બે-ત્રણ દિવસથી તેમની તબિયતમાં સુધારો થયો હતો પરંતુ ગઈકાલે રાત્રે એકાએક તેમની તબિયત વધારે બગડી ગઈ હતી. સવારમાં તેમના ઉપર હાર્ટ એટેકનો હુમલો થયો હતો. કોલકાતાની હોસ્પિટલમાં આ અભિનેત્રીનું અવસાન થયું હતું. સુચિત્રા સેનને



૨૩મી ડિસેમ્બરના દિવસે શ્વાસ લેવા સાથે સંબંધિત ઈન્ફેક્શનની અસર થયા બાદ બેલેઉ ક્લીનીકમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમને ક્લોનીક ઓબ્સટ્રકટીવ પલમોનરી ડિસીસ માટે પ્રાઈવેટ ઈન્ટેનસીવ ટ્રીટમેન્ટ આપવામાં આવી હતી. સુચિત્રા સેને પોતાની કેરિયરની શરૂઆત ખૂબ જ શાનદાર રીતે કરી હતી. હાલમાં તેઓ દક્ષિણ કોલકાતાના એપાર્ટમેન્ટમાં રહેતા હતા. દેવદાસ, આંધી, અગ્નિપરીક્ષા, દીપજવલેજે અને મમતા જેવી ફિલ્મોમાં ભૂમિકા ભજવી હતી. સૂચિત્રા સેનની આંધી અને દેવદાસ ફિલ્મને ચાહકો હજુ પણ ભૂલી શક્યા નથી. આંધી ફિલ્મમાં સુચિત્રા સેને સંજીવ કુમાર સાથે યાદગાર ભૂમિકા ભજવી હતી. તેમની ભૂમિકાને આજે પણ ચાહકો યાદ કરે છે. સુચિત્રા સેને ૧૯૫૨માં શેસ કથામાં પ્રથમ વખત કામ કર્યું હતું પરંતુ કોઈ કારણોસર આ ફિલ્મ રજૂ થઈ શકી ન હતી. ત્યારબાદ આગામી વર્ષે તેમની ફિલ્મ સાત નંબર કેદી રજૂ થઈ હતી જે બોક્સ ઓફિસ ઉપર તેમની પ્રથમ ફિલ્મ બની હતી.

## બિહારમાં ૨,૫૦૦થી વધુ શિક્ષકોની હકાલપટ્ટી થશે

બિહાર સરકારે હવે ૨૫૦૦થી વધુ કોન્ટ્રાક્ટ પર રહેલા એવા શિક્ષકોની હકાલપટ્ટી કરવાનો નિર્ણય કર્યો છે જે સતત બે સ્પર્ધાત્મક ટેસ્ટમાં નિષ્ફળ રહ્યા છે. અધિકારીઓએ આજે માહિતી આપતા કહ્યુ હતુ કે શિક્ષણ વિભાગે એવાશિક્ષકોની હકાલપટ્ટી કરવાની રૂપરેખા તૈયાર કરી છે જે સ્પર્ધાત્મક પરીક્ષામાં બે વખત નાપાસ થઈ ચુક્યા છે.

બિહારના શિક્ષણ પ્રધાન પીકે સાહીએ કહ્યુ છે કે વિભાગે હકાલપટ્ટી કરવાની તમામ પ્રક્રિયા પૂરી કરી છે. કુલ ૨૭૩૪ સ્કૂલી શિક્ષકોની હકાલપટ્ટી કરવામાં આવશે. ૨૦૧૨માં બિહાર સરકારે ૧૫૧ શિક્ષકોની હકાલપટ્ટી કરી હતી કારણ કે તેઓ બે વખત સતત સ્પર્ધાત્મક પરીક્ષામાં નિષ્ફળ રહ્યા હતા. અધિકારીઓના જણાવ્યા મુજબ આ શિક્ષકોએ અંગ્રેજી, ગણિત, હિન્દી અને જનરલ નોલેજ માટેની પરીક્ષા આપી હતી. ધોરણ ૫ સુધીના શિક્ષણ માટે આ પરીક્ષા યોજાઈ હતી જેમાં શિક્ષકો નિષ્ફળ ગયા છે. શિક્ષણ આપવાની ક્ષમતાની સમીક્ષા કરવા આ પરીક્ષા યોજાઈ હતી.

## સમાચાર ઝલક

- *જયપુરમાં સાહિત્ય સંમેલન યોજાયું મહાનુભાવોની હાજરી, નોબેલ પ્રાઈઝ વિજેતા અર્મત્યસેનની ખાસ હાજરી.*
- *દિલ્હી પોલિસ અને દિલ્હી સરકાર આમને-સામને.*
- *દાદરા નગર હવેલીમાં વિસ્ફોટથી ૪ નાં મોત.*
- *આસારામ આશ્રમની કેટલીય દવાઓ નકલી મળી આવી.*
- *દાઉદી વહોરા સમાજના વડા સૈયદ સાહેબનું ૧૦૩ વર્ષની વયે નિધન.*
- *ભુજમાં સોના-ચાંદીના કારીગરોને ઝેરી પદાર્થ ખવડાવી લુંટારુંઓ લુંટ કરી ફરાર-દુકાન માલિકનું મોત.*
- *ગુજરાતભરમાં સોના-ચાંદી જવેલર્સોની દુકાનોએ બંધ પાળ્યો.*
- *જુનાગઢમાં નકલી નોટો સાથે ઉત્તર પ્રદેશની મહિલાઓ સાથેની ગેંગ ઝડપાઈ.*
- *માલ્દામાં ૯ બાળકોના મોત.*
- *મહેસાણામાં પોલીસ કર્મચારીઓને માર માર્યો.*
- *સૂરતમાં સસ્તામાં કાર આપતો મિ. નટવરલાલ પોલીસના સકંજામાં.*
- *ખોડલધામ મહિલા પંચની રચના કરાઈ : મહિલા પંચ સમાધાન કરાવશે.*
- *અમારાથી ભૂલો થઈ હશે પરંતુ તે ખરાબ ઈરાદાથી કરાઈ નથી : વડાપ્રધાન મનમોહનસિંહ.*
- *જનરલ મોટર્સના ૨૫૦ કર્મચારીઓ હડતાલ પર.*
- *આયુર્વેદિક ડોકટરોને ટિકુ કમીશનનો અમલ કરવા નિર્ણય.*

## દિલ્હીમાં એરપોર્ટ પર ભીષણ આત્મઘાતી હુમલાનો ભય

નવી દિલ્હી,તા.૧૭

પ્રજાસત્તાક દિવસની ઉજવણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે ફરી એકવાર દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે આત્મઘાતી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. ભારતની ગુપ્તચર સંસ્થાઓ દ્વારા આ પ્રકારની માહિતી આપ્યા બાદ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. પાકિસ્તાનમાં સ્થિત આતંકવાદી સંગઠનો લશ્કરે તોયબા અને ઈન્ડિયન મુજાહીદીનના આતંકવાદીઓ આ હુમલાને અંજામ આપી શકે છે. વિમાની મથક ઉપર વિમાન હાઈજેકનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. આ તમામ દહેશત વચ્ચે વિમાની મથકની અંદર અને બહાર સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દેવામાં આવી છે. વિમાની મથકના સૂત્રોએ કહ્યું છે એ આઈબીએ એલર્ટ રહેવાની સૂચના હાલમાં જ આપી હતી જેનાથી લાગે છે કે દિલ્હીમાં આતંકવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. વિમાની મથકની અંદર સીઆઈએસએફના જવાનો સુરક્ષા વ્યવસ્થા સંભાળે છે. જ્યારે બહાર દિલ્હી પોલીસ જવાબદારી સંભાળે છે. આવી સ્થિતિમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ તીવ્ર બનાવી દેવામાં આવી છે. એલર્ટ રહેવાની સૂચના મળી ગયા બાદ સીઆઈએસએફએ પોતાના કમાન્ડો અને જવાનોની સંખ્યામાં વધારો કરી દીધો છે. જે સ્ટાફના લોકો ક્લેરીકલ કામમાં હતા તેમને પણ ફિલ્ડમાં તૈનાત કરી દેવામાં આવ્યા છે. જવાનોની આ વધારવામાં આવેલી સંખ્યા ૨૯મી જાન્યુઆરી સુધી તૈનાત રહેશે. આમાથી આધુનિક હથિયાર સાથે સજ્જ જવાનોનો પણ સમાવેશ થાય છે. આશરે ૪૦૦૦ જવાનો અને અધિકારીઓને એરપોર્ટ ઉપર સુરક્ષા વ્યવસ્થા માટે તૈનાત કરી દેવામાં આવ્યા છે. સુરક્ષા વ્યવસ્થાને ધ્યાનમાં લઈને સાવચેતીના પણ તમામ પગલાં લેવામાં આવ્યા છે. દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીને લઈને પહેલાથી જ તમામ પ્રકારની તૈયારી ચાલી રહી છે. આવી સ્થિતિમાં ઈન્ટલિજન્સ દ્વારા હુમલાની ચેતવણી મળ્યા બાદ વધુ સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી છે. પ્રજાસત્તાક દિવસની આસપાસ હમેશા આતંકવાદીઓ હુમલા કરીને ખલેલ પહોંચાડવાના પ્રયાસ કરે છે પરંતુ હજુ સુધી આતંકવાદીઓને આમા સફળતા મળી નથી. આ વખતે પણ આતંકવાદીઓની યોજનાને નિષ્ફળ બનાવવા માટે તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે તેવી ખાતરી વિમાની મથકના અધિકારીઓ અને સુરક્ષા વ્યવસ્થાની જવાબદારી સંભાળનાર સીઆઈએસએફ દ્વારા આપવામાં આવી છે.

## કોંગ્રેસના ચહેરા પર હાર લખાઈ ચૂકી છે : ભાજપ

નવી દિલ્હી,તા. ૧૭

રાહુલ ગાંધીને પીએમ પદના ઉમેદવાર તરીકે જાહેર નહીં કરવાના કોંગ્રેસના નિર્ણય અંગે પ્રતિક્રિયા આપતા ભાજપે આજે કહ્યુ હતુકે કોંગ્રેસ પાર્ટી ભાવિ ચૂંટણી માટે તેમને બચાવી લેવા માંગે છે. ભાજપના વરિષ્ઠનેતા પ્રકાશ જાવડેકરે કહ્યુ હતુકે કોંગ્રેસના ચહેરા પર હાર લખાઈ ચુકી છે જેથી તેઓ ભાવિ ચૂંટણી માટે રાહુલ ગાંધીને બચાવી લેવા માંગે છે. કોંગ્રેસ જાણે છે કે આ વખતના પરિણામ શું રહેશે.

કોંગ્રેસે જાહેરાત કરી છે કે રાહુલ ગાંધી લોકસભા ચૂંટણીમાં પ્રચારમાં પક્ષનું નેતૃત્વ કરશે પરંતુ વડાપ્રધાન પદના ઉમેદવાર રહેશે નહીં. કોંગ્રેસના અન્ય નેતાઓએ પણ આ નિવેદન સામે આકરી પ્રતિક્રિયા આપી છે.

## લાપતા આઈટી મહિલા ઈજનેરનો મળેલો મૃતદેહ

મુંબઈ,તા. ૧૭

આંધ્રપ્રદેશની ૨૩ વર્ષીય સોફ્ટવેર મહિલા એન્જિનિયર થોડાક દિવસ પહેલા લાપતા થયા બાદ તેનો સળગી ગયેલો મૃતદેહ મળી આવતા સનસનાટી મચી ગઈ હતી. શહેરમાંથી થોડાક દિવસ પહેલા તે લાપતા થઈ ગઈ હતી. ઉપનગરીય કન્જુર માર્ગમાં ઈજા અને સળગેલી હાલતમાં તેનો મૃતદેહ મળી આવ્યો છે. અનુહયા નામની આ મહિલાનો મૃતદેહ મળી આવ્યા બાદ તેના પરિવારના સભ્યોને જાણ કરવામાં આવી છે. મુંબઈમાંથી થોડાક દિવસ પહેલા તે લાપતા થઈ ગઈ હતી. ડેપ્યુટી પોલીસ કમિશનર મહેશ ઘૂરીએ કહ્યુ છે કે તેનો મૃતદેહ તેના પિતા એસપ્રસાદે ઓળખી કાઢ્યો છે જે આંધ્રપ્રદેશ યુનિવર્સિટીના નિવૃત્ત પ્રોફેસર છે. આ સંદર્ભમાં હત્યાકેસ દાખલ કરવામાં આવ્યો છે. આ મહિલા ટીસીએસમાં કર્મચારી હતીઅને ચોથી જાન્યુઆરીના દિવસે વિજયવાડાથી વિશાખાપટ્ટનમ-એલટીટી એક્સપ્રેસ મારફતે મુંબઈ માટે રવાના થઈ હતી. ક્રિસમસની રજા ગાળ્યા બાદ તે મુંબઈ પરત ફરી રહી હતી. જ્યારે તે ટ્રેનમાં મુસાફરી કરી રહી હતી ત્યારે તેના પિતાએ છેલ્લી વખત ફોન પર વાત કરી હતી. આ ટ્રેન સોલાપુરમાં પહોંચી ત્યારે પિતાએ ફોન પર વાત કરી ત્યારે આ સોફ્ટવેર એન્જિનિયરે કહ્યુ હતુ કે અંધેરીમાં પોતાના હોસ્ટેલ પર પહોંચી ગયા બાદ તે ફરી ફોન કરશે જો કે કોઈ કોલ ન આવતા પિતાએ થોડાક સમય સુધી ઈન્તજાર કર્યા બાદ તપાસ હાથ ધરી હતી. પાંચમી જાન્યુઆરીએ વિજયવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાઈ હતી.